પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૧૬ | ૬ જુલાઈ, ૨૦૨૨, બુધવાર; અષાઢ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ખરાબ હવામાનને પગલે અમરનાથ યાત્રા અટકાવાઈ

**યાત્રા શરૂ થયા બાદથી યાત્રાળુઓમાં ભારે ઉત્સાહ : હવામાન સારું થયા બાદ યાત્રાળુઓને અમરનાથ ગુફા તરફ આગળ વધવા માટેની મંજૂરી આપવામાં આવશે**



શ્રીનગર , તા.૦૫

અમરનાથ યાત્રાની શરુઆત થયા બાદ શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોટી સંખ્યામાં દેશના અલગ-અલગ ભાગોમાંથી શ્રદ્ધાળુઓ બાબા અમરનાથના દર્શન કરવા કરવા માટે જમ્મુ-કાશ્મીર પહોંચ્યા છે. જોકે, ખરાબ હવામાનના કારણે યાત્રાને થોભાવી દેવી પડી છે. આવામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓને અહીં બનાવેલા કેમ્પમાં રોકાણ કરવા માટે જણાવવામાં આવ્યું છે. ભારે વરસાદના લીધે યાત્રાળુઓ પર્વત પર ફસાઈ ના જાય કે કોઈ જાનહાનીની ઘટના ના બને તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે અહીં હવામાન સારું થયા બાદ યાત્રાળુઓને અમરનાથ ગુફા તરફ આગળ વધવા માટેની મંજૂરી આપવામાં આવશે.

મહત્વનું છે કે બે વર્ષથી કોરોના મહામારીના કારણે ઉભી થયેલી અડચણો બાદ આ વર્ષે મોટી સંખ્યામાં અમરનાથ યાત્રા પર જવા માટે શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગુજરાતમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ બાબા અમરનાથના દર્શન માટે રવાના થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# CNGમાં રૂ. ૧.૩૧ વધારો થતા ભાવ ડીઝલની નજીક પહોંચ્યો

**ભાવ વધીને ૮૩.૯૦ રૂપિયા થઈ ગયો છે, જેની સામે અમદાવાદમાં ૯૨.૧૫ રૂપિયા થઈ ગયો છે**

અમદાવાદ,તા.૫

અઢી મહિના પછી ફરી એકવાર અદાણી ઝ્રદ્ગય્ના ભાવમાં વધારો ઝીંકાયો છે. ફરી એકવાર ઝ્રદ્ગય્ના ભાવમાં ૧.૩૧ રૂપિયાનો વધારો થતા હવે અમદાવાદમાં ભાવ ૮૩.૯૦ રૂપિયા પહોંચી ગયો છે. અદાણી CNGના ભાવમાં વધારો થતા ફરી એકવાર ઝ્રદ્ગય રિક્ષાચાલકો મેદાનમાં આવી શકે છે, જોકે, અગાઉ ભાડામાં વધારો કરી આપ્યો હોવાથી હાલ વિરોધનું વંટોળ ઉભું થયું નથી. અદાણી CNGના ભાવમાં ૧.૩૧ રૂપિયાનો વધારો થયો, તેના અઢી મહિના પહેલા ૧૬ એપ્રિલના રોજ ૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. અમદાવાદમાં અગાઉ સતત CNGના ભાવમાં થયેલા વધારાના કારણે તેની કિંમત અને ડીઝલની કિંમત વચ્ચે માત્ર ૮.૨૫ રૂપિયાનો તફાવત રહી ગયો છે. જો ફરી એકવાર સતત ભાવ વધારો થતો રહ્યો તો એ દિવસ દૂર નથી કે CNG અને ડીઝલના ભાગમાં કોઈ ફરક હોય. નવા મહિનાની શરુઆતમાં જ ભાવમાં વધારો થતા CNGનો ઉપયોગ કરતા વાહનચાલકોની ચિંતામાં વધારો થયો છે, જે ભાવ અગાઉ ૮૨.૫૯ રૂપિયા હતો તેમાં ૧.૩૧ રૂપિયાનો વધારો થતાં તે વધીને ૮૩.૯૦ રૂપિયા થઈ ગયો છે. જેની સામે અમદાવાદમાં ૯૨.૧૫ રૂપિયા થઈ ગયો છે. CNGના ભાવમાં અગાઉ સતત ઉછાળો થતાં રિક્ષાચાલકો અકળાયા હતા અને આંદોલન બાદ સરકારે મિનિમમ ભાડામાં વધારો કરી આપ્યો હતો. જેની સામે રિક્ષાચાલકો દ્વારા હવે ૨૦૨૩ સુધી ભાવ વધારો માગવામાં નહીં આવે તેવી બાંહેધરી આપવામાં આવી હતી. અમદાવાદમાં માર્ચ મહિનામાં CNGના ભાવમાં ત્રણ વખત વધારો ઝીંકાયો હતો. એટલે કે એક જ મહિનામાં કુલ ૪.૫૦ રૂપિયા વધારો થયો હતો. આ પછી એપ્રિલ મહિનામાં પણ મોટો વધારો નોંધાયો હતો. આમ માર્ચ અને એપ્રિલ મળીને CNGના ભાવમાં કુલ ૧૨ રૂપિયાનો વધારો થયો હતો.




# દેશના ૧૦ રાજ્યમાં નવા વેરિએન્ટના કેસ

**ઈઝરાયેલના વૈજ્ઞાનિકનો ચોંકાવનારો દાવો : કોરોના વાયરસ છેલ્લા અઢી વર્ષથી સમગ્ર વિશ્વમાં ઉત્પાત મચાવી રહ્યો છે, લાખો લોકોના કોરોના સંક્રમણથી મોત થયા છે**

નવી દિલ્હી,તા.૫

કોરોના વાયરસ છેલ્લા અઢી વર્ષથી સમગ્ર વિશ્વમાં ઉત્પાત મચાવી રહ્યો છે. લાખો લોકોના કોરોના સંક્રમણથી મોત થયા છે. ઈઝરાયેલના વૈજ્ઞાનિક ડોક્ટર શાય ફલીશોને દાવો કર્યો છે કે ભારતના ૧૦ રાજ્યમાં કોરોનાના સબ વેરિએન્ટ મ્છ.૨.૭૫ ના કેસ મળ્યા છે. ડોક્ટર શાય ફલીશોન જેમાંથી વધુ ભારત (૧૦ રાજ્યો)થી છે. બાકી સાત અન્ય દેશોમાંથી છે. હાલ ટ્રાન્સમિશનની જાણકારી હજુ સામે આવી નથી. શાયફલીશોને આ કોવિડ કેસ અંગે એક-એક દિલ્હી અને જમ્મુ કાશ્મીર તથા ઉત્તર પ્રદેશ, ૬ હરિયાણા, ૩ હિમાચલ પ્રદેશ, ૧૦ કર્ણાટક, ૫ મધ્ય પ્રદેશ, ૨ તેલંગણામાંથી મળ્યા. જીનોમ

આમ છતાં હજુ પણ કોરોના જાણે માનવજાતિનો પીછો છોડવા તૈયાર નથી. ઈઝરાયેલના એક વૈજ્ઞાનિકે ડોક્ટર સમુદાય અને મહામારી પર્યવેત્રકોમાં ચિંતા પેદા કરી છે. ઈઝરાયેલના શીબા મેડિકલ સેન્ટરમાં વાયરોલોજી લેબમાં કાર્યરત છે. તેમણે લખ્યું છે કે BA.2.75 ના ૨ જુલાઈ સુધીમાં ૮૫ સીક્વેન્સ અપલોડ કરાયા છે. વિસ્તારથી પણ જણાવ્યું છે. તેમના જણાવ્યાં મુજબ ભારતમાં કોવિડના નવા સબ ટાઈપના ૬૯ કેસ મળ્યા હતા. જેમાંથી ૨૭ મહારાષ્ટ્ર, ૧૩ પશ્ચિમ બંગાળ, સિક્વેન્સિંગના ડેટા પર નજર રાખતી સાઈટ Nextstrain ના જણાવ્યાં મુજબ ભારત ઉપરાંત સાત એવા દેશ છે જ્યાં નવો કોવિડ વેરિએન્ટ મળ્યો છે. શાય ફલીશોને BA.2.75 ને સેકેન્ડ જનરેશન વેરિએન્ટ ગણાવ્યો છે. લખવામાં આવ્યું છે કે એવું પહેલીવાર બન્યું છે કે સેકન્ડ જનરેશન વેરિએન્ટ જ્યાંથી મળી આવ્યા હતા તે દેશોમાંથી નીકળીને બીજા દેશમાં પહોંચ્યા છે. શાય ફલીશોને વધુમાં જણાવ્યું છે કે BA.2.75 આવનારા સમયમાં દુનિયાભરમાં ફેલાઈ જશે તે એટલું જલદી સામે આવી શકે નહીં. પરંતુ BA.2.75 ચિંતા જરૂર પેદા કરે છે. જો કે ICMRના ટોપ વૈજ્ઞાનિક ડોક્ટર

● અનુસંધાન પાન-૭ પર

# સુપ્રીમના જજની નુપૂર શર્મા પર ટિપ્પણી સામે દેશના ૧૧૭ ગણમાન્ય નાગરિકોનો સીજેઆઈને પત્ર

**દેશના અમુક હાઈકોર્ટના પૂર્વ જજ, અમલદાર, સૈન્ય અધિકારી અને બુદ્ધિજીવીઓએ ચીફ જસ્ટિસ એનવી રમણને ખુલ્લો પત્ર લખ્યો, ટિપ્પણી પર સૌ સ્તબ્ધ**

નવી દિલ્હી , તા.૦૫

નુપુર શર્માની અરજી પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જેબી પારડીવાલાની ટિપ્પણીઓને લઈને વિવાદ ચાલુ છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જેબી પારડીવાલાની ટિપ્પણીઓ વિરુદ્ધ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાને હજારો પત્ર મોકલાઈ રહ્યા છે. હવે દેશના ૧૧૭ ગણમાન્ય નાગરિકોએ સીજેઆઈને પત્ર લખીને જજની ટિપ્પણી પર નારાજગી વ્યક્ત કરી છે.

દેશના અમુક હાઈકોર્ટના પૂર્વ જજ, અમલદાર, સૈન્ય અધિકારી અને બુદ્ધિજીવીઓએ ચીફ જસ્ટિસ એનવી રમણને ખુલ્લો પત્ર લખ્યો છે. પત્ર લખનારમાં હાઈકોર્ટના પૂર્વ જજ, પૂર્વ ડીજીપી, સીબીઆઈ ડાયરેક્ટર, રાજદૂત જેવા ૭૭ પૂર્વ અમલદાર અને સેનાના ૨૫ પૂર્વ અધિકારી સામેલ છે.

આ પત્રમાં કહેવામાં આવ્યુ છે કે લોકો કોર્ટની ટિપ્પણી પર સ્તબ્ધ છે. અલગ અલગ રાજ્યો અને શહેરોમાં નોંધાયેલી એફઆઈઆરને એક સાથે જોડવા અને એક સાથે સુનાવણી કરવાની અરજી કરવી કોઈ પણ નાગરિકનો કાયદાકીય અધિકાર છે. એક જ ગુનામાં ઘણી વખત સજા થઈ શકે નહીં. સુપ્રીમ કોર્ટે કારણ વિના અરજી સાંભળવાનો ઈનકાર કર્યો હતો અને અરજીના સંદર્ભમાં કરેલી ટિપ્પણીઓ વાહિયાત હતી.

પત્રમાં આ લોકોએ અગિયાર મુદ્દા પર કોર્ટની ટિપ્પણીઓની ટીકા કરી છે. પત્ર પર હસ્તાક્ષર કરનાર લોકોએ કોર્ટની ટિપ્પણીઓને દુર્ભાગ્યપૂર્ણ અને ન્યાયિક નીતિશાસ્ત્ર અને સિદ્ધાંતો વિરુદ્ધ ગણાવી છે. તેમણે કહ્યુ કે નુપુર શર્મા ન્યાયિક પ્રક્રિયા અને પોતાના અધિકારો હેઠળ સંરક્ષણ અને રાહત માટે સુપ્રીમ કોર્ટ સમક્ષ આવ્યા હતા

પરંતુ અરજીના આધાર અને પ્રાર્થનાઓ સાથે બેન્ચની ટિપ્પણીઓ ક્યાંય મેળ ખાતી જોવા મળી નહીં. ખુલ્લા પત્રમાં કહેવામાં આવ્યુ છે કે જો તે ટિપ્પણીઓ ન્યાયિક પ્રક્રિયા અને સિદ્ધાંતો

● અનુસંધાન પાન-૭ પર

આવતીકાલથી શરૂ થતી સવારે ૮:30 અથવા સાંજે ૬:૦૦, કોઈપણ બેચમાં જોડાઈ
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨
ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮
મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar




ધીરુભાઈ હીરાચંદ અંબાણી
(૨૮.૧૨.૧૯૩૨ - ૬.૭.૨૦૦૨)
ફાઉન્ડર ચેરમૅન - રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ।।

આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત.
અજન્મ અને અમર એવો એ સનાતન સદાય,
ના કોઇને હણે, ના કોઈથી હણાય.
- ભગવદ્ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

પ્રેમાળ સ્મૃતિમાં
કોકિલાબેન ધીરુભાઈ અંબાણી તથા પરિવાર

Reliance
Industries Limited
Growth is Life

www.ril.com

## વાસ્તુ નિષ્ણાત ચંદ્રશેખર ગુરૂજીની ધોળા દિવસે હત્યા

હુબલી , તા.૦૫

સરલ વાસ્તુ એક્સપર્ટ ચંદ્રશેખર ગુરુજી ઉર્ફે ચંદ્રશેખર અંગદીનું ધોળા દિવસે ચાકૂના ઘા ઝીંકીને મર્ડર કરી દેવાયું છે. કર્ણાટકના હુબલી-ધારવાડ રોડ પર એક પ્રાઈવેટ હોટેલમાં તેમની હત્યા કરાઈ હોવાનું સામે આવી રહ્યું છે. બપોરે ૧૨ વાગ્યે બનેલી આ ઘટનામાં બે વ્યક્તિની સંડોવણી હોવાનું જાણવા મળી રહ્યું છે.

પોલીસના જણાવ્યા અનુસાર, હત્યારા મૃતકના અનુયાયી હોવાનું કહીને હોટેલના રિસેપ્શન કાઉન્ટર પર આવ્યા હતા અને ચંદ્રશેખરની હત્યા કરીને ભાગી ગયા હતા. ચંદ્રશેખરની હોટેલના રિસેપ્શન પાસે જ ચાકૂના ઘા ઝીંકી હત્યા કરી દેવાઈ હતી. હત્યાને અંજામ આપીને ભાગી રહેલા હત્યારા સીસીટીવીમાં કેદ થયા છે.

બેસણું

અમારા પરિવારના સુપુત્ર
શ્રી કેદાર ગુણવંતરાય થાનકી નું
દુઃખદ અવસાન તા.૦૨-૦૭-૨૦૨૨ ને
શનિવારે થયેલ છે.
સદ્ગતને અંજલિ અર્પવા
તા.૦૭-૦૭-૨૦૨૨ ને ગુરૂવારે
સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન
પ્રાર્થના સભા રાખેલ છે.



: સ્થળ :
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરીની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર.

ઈલાબેન ગુણવંતરાય થાનકી
ચેતના કેદાર થાનકી
ડૉ. ગૌરાંગ થાનકી
નીપા નયન જોષી
રુચિ ગૌરાંગ થાનકી
દિયા, અનેરી, કાવ્યા, હરિત
જય શ્રીકૃષ્ણ